# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે મિશન "લાઈફ" અંતર્ગત કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજના પ્રાંગણમાં **"મિશન લાઈફ"** અંતર્ગત કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. કે. ડી. ગુલકરી, વૈજ્ઞાનિક (પા.સં.), ડો. એન. કે. રાઠોડ, ડો. ડી. જે. રંગપરા, ડો. નીતિનભાઈ પટેલ તેમજ શ્રીમતિ હીના ચાવડા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસને અનુલક્ષીને મહિલા ખેડૂતોને જાગૃત વ પ્રોત્સાહિત કરવામાં આવી. આ કાર્યક્રમમાં અમદાવાદ જીલ્લાના નાની દેવતી, ગુંદી, ભુમભળી ગામની કુલ ૧૦૯ મહિલા ખેડૂતોએ ભાગ લઇ "પર્યાવરણ બચાવો" ની હાકલને ઝીલી લઇ સામાજિક સ્તરે જાગૃતિ ફેલાવી સહભાગી થવાની બાહેધરી આપી. કાર્યક્રમ દરમ્યાન સૌ તાલીમાર્થીઓને પર્યાવરણ જાગૃતિ અંગેના શપથ લેવડાવવામાં આવ્યા તેમજ વિવિધ ફળ ઝાડના રોપાઓનું નિશુલ્ક વિતરણ કરી **"મિશન લાઈફ"** અંગે પૂર્ણ સમર્પણ કેળવવા અનુરોધ કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.





